© AJH 2020 | Vol. 02, Issue 02, July – Dec. 2020
ANSH – Journal of History
ISSN (Online) No. 2582 -046X
Peer-Reviewed, Refereed & Open-Access International Journal of History

# રાજસ્થાનના મુખ્ય દુર્ગ અને કિલ્લા

**Yogina P. Patel**, Ph.D. Scholar, Department of History, H.N.G. University, Patan

***સારાંશ:***

*રાજસ્થાન એટલે કે રાજાઓની ભૂમિ. ભારતના ઉત્તર પશ્ચિમ છેડે આવેલ આ રાજય તેના ભવ્યાતિભવ્ય ઇતિહાસ માટે જાણીતું છે. સ્વતંત્રતા સમયે ભારત દેશમાં કુલ 560 રજવાડાં હતાં. એમાંથી 366 જેટલાં રજવાડાં તો માત્ર રાજસ્થાનમાં જ હતાં. આ તમામે તમામ રજવાડાંઓનો પોતાનો આગવો ઇતિહાસ છે. એમાંયે ખાસ કરીને આ રજવાડાં તેમના સ્થાપત્યોના કારણે વિશ્વ કક્ષાએ પ્રસિધ્ધ બનવા પામેલ છે. રાજસ્થાનનું પ્રત્યેક રજવાડું તેના ઐતિહાસિક કિલ્લાઓ અને દુર્ગના કારણે અલગ તરી આવે છે. આ દુર્ગો બનાવવા પાછળના હેતુઓ જુદા જુદા હતા. જેમ કે, આરામદાયક સ્થળ, રક્ષણનો હેતુ, પ્રસસ્તિના ઉદ્દેશથી વગેરે, આ દુર્ગોની બનાવટ ખુબ જ કુશળતાપુર્વક કરવામાં આવી છે. તેને વાસ્તુશાસ્ત્રની જટિલતાઓ સાથે સાથે પોતાની પ્રજાના રક્ષણના ઉદ્દેશમાં પણ યથાર્થ સિધ્ધ થવુ પડતું હતું. દરેક દુર્ગ તેની બનાવટથી લઇને તેના યુદ્ધ સમયે ભજવેલ રોલ વિશે એક આગવી અને અવિસ્મરણીય કહાણી ભુતકાળની ગર્તામાં સંગ્રહી બેઠો છે. રાજસ્થાનના દુર્ગને નિહાળવા માટે દર વર્ષે વિદેશોથી લાખો લોકો આવે છે. આ પર્યટક રાજસ્થાનના સ્થાનીય લોકો માટે રોજગાર ઉત્પન્ન કરે છે અને ભારતના વિદેશી મુદ્રા કોષમાં વધારો કરે છે. રાજસ્થાનના દુર્ગોને જોવા આવવા વાળા વિદેશી લોકો રાજસ્થાનની સંસ્કૃતિથી પરિચિત અને પ્રભાવિત થયા વિના રહેતા નથી. જેના કારણે આપણો સાંસ્કૃતિક વિસ્તાર વિદેશોમાં પણ થાય છે.*

***મુખ્ય શબ્દો*** *: રાજસ્થાનના દુર્ગ, રાજપૂત કિલ્લા સ્થાપત્ય, મધ્યયુગીન સૈન્ય સ્થાપત્ય, કિલ્લાઓનો ઐતિહાસિક વિકાસ, રાજસ્થાનની સાંસ્કૃતિક ધરોહર, દુર્ગોની સ્થાપત્ય વિશેષતાઓ*

**રાજસ્થાનના મુખ્ય દુર્ગ અને કિલ્લા:**

રાજસ્થાનની સ્થાપત્ય કલાના જનક રાણા કુંભાને માનવામાં આવે છે. મુગલકાળમાં રાજસ્થાનની સ્થાપત્ય કલા પર મુગલ શૈલીનો પ્રભાવ પડ્યો. હિંદુ કારીગરોએ મુસ્લિમ આદર્શોને અનુરૂપ જે ભવન બનાવ્યા. તેને સુપ્રસિધ્ધ કલા વિશેષજ્ઞ ફર્ગુસને ઇંડો સારસેનિક શૈલીની ઉપાધિ આપી. જોધપુરના મહારાજા જસવંતસિંહ(પ્રથમ)ને હિંદુષત કહેવામાં આવે છે. કારણકે તેમની રૂચિ

સ્થાપત્ય કલામાં હતી. મહારાજા કુંભા સ્વયં શિલ્પ શાસ્ત્રી મંડન દ્વારા વાસ્તુકલા પર રચિત સાહિત્યથી પ્રભાવિત હતા.

15મી શતાબ્દીમાં મેવાડના શિલ્પી મંડને પાંચ ગ્રંથ લખ્યા, જે નીચે મુજબ હતા.

1. પ્રસાદ મંડન – તેમાં દેવાલય નિર્માણના નિર્દેશ આપવામાં આવેલ છે.
2. રૂપાવતાર મંડન – તેમાં મુર્તિઓના નિર્માણ સંબંધી નિર્દેશ આપવામાં આવેલ છે.
3. રૂપ મંડન - તેમાં પણ મુર્તિ નિર્માણ સંબંધી સામગ્રી આપવામાં આવેલ છે.
4. ગૃહ મંડન – તેમાં સામાન્ય વ્યક્તિઓના ઘર,કુવા,તળાવ,મહેલ વગેરેના નિર્માણ સંબંધી સામગ્રી આપવામાં આવેલ છે.
5. વાસ્તુકાર મંડન – તેમાં વિવિધ તત્વોથી સંબંધિત વર્ણન છે.મંડનના નિર્દેશનમાં જ ચિતૌડના કીર્તિ સ્તંભનું નિર્માણ કરવામાં આવેલ.

શુક્રનીતિમાં રાજસ્થાનના દુર્ગોને 9 ભાગમાં વર્ગીકરણ કરવામાં આવેલ જે નીચેના પ્રકારે છે.

1. એરણ દુર્ગ – આ પ્રકારના દુર્ગ ખાઇ, કાંટા તથા કઠોર પત્થરો વડે નિર્મિત હોય છે. ઉદાહરણ- રણથંભોર દુર્ગ, ચિતૌડ દુર્ગ
2. ધાન્વન(રણ) દુર્ગ – આ પ્રકારના દુર્ગ ચારે બાજુથી રેતીના ઉંચા ટીલાઓથી ઘેરાયેલા હોય છે. ઉદાહરણ- જૈસલમેર બીકાનેર અને નાગૌરના દુર્ગ
3. ઔદક દુર્ગ (જળ દુર્ગ) - આ પ્રકારના દુર્ગ ચારે બાજુથી પાણીથી ઘેરાયેલા હોય છે. ઉદાહરણ- ગાગરોળ(ઝાલાવાડ), ભેંસરોડગઢ દુર્ગ(ચિત્તોંડગઢ)
4. ગિરિ દુર્ગ – આ પ્રકારના દુર્ગ એકાંતમાં કોઇ પહાડી પર સ્થિત હોય છે.તેમાં જળ સંચયનો સરસ પ્રબંધ કરવામાં આવેલ હોય છે. ઉદાહરણ- કુમ્ભલગઢ, માંડલગઢ (ભીલવાડા),

|  |  |  |
|---|---|---|
|  |  | તારાગઢ (અજમેર), જયગઢ, નાહરગઢ (જયપુર) મેહરાનગઢ (જોધપુર), અચલગઢ (સિરોહી), |
| 5. સૈન્ય દુર્ગ | – | જે વ્યુહરચનામાં ચતુરવીરોથી વ્યાપ્ત હોવાથી અભેદ હોય.આ પ્રકારના દુર્ગ સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. |
| 6. સહાય દુર્ગ | – | જેમાં વીર અને સદાય સાથ આપવાવાળા બંધુજનો રહેતા હોય છે. |
| 7. વન દુર્ગ | - | આ પ્રકારના દુર્ગ ચારેબાજુથી વનોથી ઢંકાયેલા હોય છે.અને કાંટેદાર વૃક્ષોથી ઘેરાયેલા હોય છે. ઉદાહરણ-સિવાના દુર્ગ, ત્રિભુવનગઢ દુર્ગ, રણથમ્ભૌર દુર્ગ. |
| 8. પારિખ દુર્ગ | – | એ દુર્ગ જેની ચારે બાજુ બહુ જ મોટી ખાઇઓ હોય છે. ઉદાહરણ - લોહાગઢ દુર્ગ, ભરતપુર |
| 9. પારિધ દુર્ગ | – | જેની ચારે બાજુ ઇંટો, પથ્થર તથા માટીથી બનેલી મોટી મોટી દિવાલો હોય છે. ઉદાહરણ- ચિતોડગઢ, કુમ્ભલગઢ દુર્ગ. |

મહારાણા કુંભાએ લગભગ ૩૨ દુર્ગોનું નિર્માણ કરાવ્યું હતું. બિકાનેરનો જુનાગઢ, કોટાનો ઇન્દ્રગઢ, જયપુરનો આમેર દુર્ગ ઇંડો સારસેનિક શૈલીમાં બનેલા છે. કિલ્લાઓની દિવારો પર હુમલો કરવા માટે રેત વગેરેથી બનેલા ઉંચા ચબુતરા પાશીબ કહેવાય છે. કિલ્લાઓમાં ચામડાથી ઢંકાયેલા મોટા રસ્તાઓને સાબાત કહેવામાં આવે છે.

**રાજસ્થાનના પ્રમુખ દુર્ગ:-**

રાજસ્થાન, જેને 'રાજાઓની ભૂમિ' તરીકે ઓળખવામાં આવે છે, તે ભારતના ઇતિહાસ અને સાંસ્કૃતિક વારસામાં એક અનોખું સ્થાન ધરાવે છે. અહીંના દુર્ગો અને કિલ્લાઓ માત્ર રાજપૂત વીરતા અને શૌર્યના પ્રતીક જ નથી, પરંતુ મધ્યયુગીન સૈન્ય તકનીક, સ્થાપત્યકૌશલ્ય અને સામાજિક–સાંસ્કૃતિક પરંપરાનો જીવંત પુરાવો છે. ભારત સ્વતંત્ર બન્યું ત્યારે દેશભરમાં કુલ 560 રજવાડાં હતાં, જેમાંથી 366 જેટલા રજવાડાં માત્ર રાજસ્થાનમાં હતા. આ રજવાડાંઓએ પોતાના

ભૌગોલિક, રાજકીય અને રણનીતિક આવશ્યકતાઓ અનુસાર વિશિષ્ટ પ્રકારના કિલ્લાઓનું નિર્માણ કર્યું, જે આજે પણ પ્રાચીન કલા, શિલ્પ અને રાજકીય મહત્તાના દૃષ્ટાંતરૂપે અડગ ઊભા છે. ચિત્તૌરગઢ, કુંભલગઢ, જયગઢ, નાહરગઢ, જુનાગઢ, રણથંભોર, ગગરોન જેવા દુર્ગો માત્ર યોદ્ધા સંસ્કૃતિના પ્રતિક નહીં પરંતુ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે વૈશ્વિક માન્યતા પામેલા સ્થાપત્યચમત્કારો છે. રાજસ્થાનના આ દુર્ગો ભૂગોળ, રાજનીતિ, વેપાર, પાણી વ્યવસ્થા તેમજ સામાજિક જીવનને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવેલા અનોખા રક્ષણાત્મક માળખાં છે. રાજસ્થાનના દુર્ગોના અભ્યાસ દ્વારા માત્ર કિલ્લા-સ્થાપત્યનો ઈતિહાસ જ નહીં પરંતુ રાજપૂત સમાજની રાજકીય વિચારધારા, વીરતા, શૌર્યગાથા, કલાત્મક સંવેદના અને રણનીતિક દૃષ્ટિકોણને પણ સમજવાનો મોકો મળે છે. તેથી રાજસ્થાનના પ્રમુખ દુર્ગોનો ઐતિહાસિક અભ્યાસ ઈતિહાસ, પુરાતત્વ અને સ્થાપત્યના વિભિન્ન પરિમાણોને ઉજાગર કરતો મહત્વપૂર્ણ વિષય છે.

**ભટનેર દુર્ગ:-**

આ દુર્ગનું નિર્માણ ઇ.સ.285માં ભાટી વંશના રાજા ભૂપતસિંહ દ્વારા કરવામાં આવેલ છે. તેથી તેનું નામ ભટનેર કિલ્લા પડ્યું. આ દુર્ગ હનુમાનગઢ જિલ્લામાં આવેલો છે. તેને હનુમાનગઢના નામથી પણ ઓળખવામાં આવે છે. કારણ કે 1805ની સાલમાં બિકાનેરના રાજા સૂરતસિંહે આ કિલ્લાને ભાટીઓ પાસેથી જીતી લીધો હતો. તે દિવસે મંગળવાર હતો જે હનુમાન ભગવાનને સમર્પિત છે.તેથી તેનું નામ હનુમાનગઢ રાખવામાં આવેલ છે. આ દુર્ગને રણ દુર્ગની શ્રેણીમાં રાખવામાં આવે છે. આ દુર્ગ વિશે એવું કહેવાય છે કે,તેના પર ભારતમાં આવેલા તમામ કિલ્લાઓની અપેક્ષા સૌથી વધારે વખત આક્રમણ થયાં છે. આ દુર્ગની મજબૂતાઇ વિષે તૈમૂરી રાજવંશના શાસક તૈમુર લંગે પોતાની આત્મકથા તુજુક-એ-તૈમૂરીમાં કહેલુ કે," મે આટલો સુરક્ષિત અને મજબૂત દુર્ગ જોયો નથી." આ દુર્ગ પર અકબરથી લઇને પૃથ્વીરાજ ચૌહાણ સુધીના રાજાઓએ શાસન કર્યુ છે. વિદેશી આક્રમણકારીઓની વાત કરીએ તો ઇ.સ. 1001 માં મહમુદ ગઝનવીએ તેના પર કબજો કરી લીધો હતો. તેના સિવાય 13મી સદીમાં ગુલામ વંશના શાસક બલબનનો પિતરાઇ ભાઇ શેરખાંનું પણ અહીં રાજ હતું. શેરખાંની કબર પણ આ કિલ્લામાં જ છે. ઇ.સ. 1398માં આ કિલ્લો તૈમૂર લંગના આધીન થયો. આ દુર્ગમાં રાજપુત મહિલાઓનું જોહર સમ્પન્ન થયેલ. આ દુર્ગમાં હનુમાન મંદિરથી લઇને ભગવાન શિવના કેટલાય મંદિર છે. 52 બુર્જ વાળા આ કિલ્લામાં શેરશાહ સુરીની કબર પણ છે. બિકાનેર મહારાજ દલપતસિંહની તેમની રાણીઓ સાથેની મૂર્તિઓ આ દુર્ગમાં સંગ્રહાયેલી જોવા મળે છે. કહેવાય છે કે આ દુર્ગમાં એક ભૂમિગત સુરંગ બનાવવામાં આવી છે, જે ભટનેરથી ભઠિંડા અને સિરસાના કિલ્લા સુધી જતી હતી.

**ભરતપુર દુર્ગ :-**

ભરતપુર દુર્ગ ભરતપુર જિલ્લામાં આવેલો છે. તેનું નિર્માણ ભરતપુરના જાટ વંશના મહારાજા સૂરજમલ જાટ દ્વારા ઇ.સ.1733માં કરાવવામાં આવેલ છે. જે સોધરની નજીક નિર્મિત છે.આ દુર્ગને પારિખ શ્રેણીમાં રાખવામાં આવે છે. તે ભારતનો એક માત્ર અજેય દુર્ગ છે. તેથી તેને અજયગઢનો દુર્ગ પણ કહે છે.આ દુર્ગની ચારે બાજુ માટીની બેવડી દિવાલ બનેલી છે.તેથી તેને માટીનો દુર્ગ પણ કહે છે.દુર્ગની ચારે બાજુ એક ઉંડી ખાઇ છે, જેમાં મોતી સરોવરથી સુજાનગંગા નહેર દ્વારા પાણી લાવવામાં આવેલ છે. આ દુર્ગમાં બે દરવાજા છે.તેમાં ઉત્તરી દ્વાર અષ્ટધાતુનું બનેલું છે. જેને જવાહર સિંહ જાટ દ્વારા ઇ.સ.1765 માં દિલ્લી વિજય દરમ્યાન લાલ કિલ્લાથી ઉતારીને લાવવામાં આવેલ. આ દુર્ગ પર કેટલાય પડોશી રાજાઓ, મુસ્લિમ આક્રમણકારીઓ તથા અંગ્રેજોએ આક્રમણ કર્યા. પરંતુ બધા જ અસફળ રહ્યા. ઇ.સ. 1803 માં લૉર્ડ લેક દ્વારા બારુદ ભરીને તેને ઉડાડવાનો અસફળ પ્રયત્ન કરવામાં આવેલ. આ દુર્ગમાં ફતેહ બુર્જનું નિર્માણ અંગ્રેજ સેના પર વિજયને ચિરસ્થાયી બનાવવા માટે કરવામાં આવેલ. ભરતપુરને લોહાગઢ નામથી પણ ઓળખવામાં આવે છે.

**ચૂરૂનો દુર્ગ:-**

આ દુર્ગ રાજસ્થાનના ચૂરૂ જિલ્લામાં આવેલો છે. ચૂરૂના દુર્ગનું નિર્માણ ઇ.સ. 1694માં ઠાકુર કુશાલ સિંહ દ્વારા કરવામાં આવેલ છે.તેના નિર્માણ પાછળનો હેતુ આત્મરક્ષાની સાથે સાથે રાજયના લોકોને પણ સુરક્ષા પુરી પાડવાનો હતો. આ દુર્ગ વિશ્વનો એક માત્ર દુર્ગ છે કે જયાં યુધ્ધના સમય દરમ્યાન ગોળા બારુદ ખતમ જઇ થવાથી તોપથી દુશ્મનો ઉપર ચાંદીના ગોળા ફેંકવામાં આવેલા. આ ઇતિહાસની બહુ જ હેરતઅંગેજ કરવાવાળી ઘટના છે. જે વર્ષ 1814 માં બનેલ. તે સમયે આ દુર્ગ પર ઠાકુર કુશાલ સિંહના વંશજ ઠાકુર શિવજી સિંહનું રાજ હતું. સાલ 1814ના ઓગસ્ટ મહિનામાં બિકાનેરના રાજા સૂરતસિંહે પોતાની સેના સાથે ચૂરૂના દુર્ગ પર હુમલો કરી દીધો. ઠાકુર શિવજી સિંહ દ્વારા મજબૂત પ્રતિરોધ કરવામાં આવ્યો. પરંતુ થોડા જ દિવસોમાં તેમના ગોળા બારુદ ખતમ થઇ ગયા. ત્યારે રાજા ચિંતામાં પડી ગયા. પરંતુ તેમની પ્રજાએ તેમનો ભરપૂર સાથ આપ્યો અને રાજયની રક્ષા માટે પોતાના સોના ચાંદી બધું જ રાજા પર ન્યૌછાવર કરી દીધા. ત્યાર બાદ રાજાએ પોતાના સૈનિકોને આદેશ આપ્યો કે દુશ્મનો પર ચાંદીના ગોળા વરસાવો.તેની અસર એ થઇ કે દુશ્મન સેનાએ હાર માની લીધી.આ ઘટના ચૂરૂના ઇતિહાસમાં અમર બની ગઇ.

**ભેંસરોડગઢ:-**

આ દુર્ગ ચંબલ અને બામણી નદીના સંગમ તટ પર અરાવલ્લી પર્વતમાળાની ઘાટીમાં સ્થિત છે. કર્નલ ટૉડએ જનશ્રુતિના આધારે વેપારી ભૈંસાશાહ અને રોડા ચારણને આ દુર્ગના નિર્માતા માન્યા છે. કર્નલ જેમ્સ ટૉડના અનુસાર આ દુર્ગનો વેપારીની સુરક્ષા માટે ઉપયોગ કરવામાં આવતો હતો. આ દુર્ગ જળ દુર્ગની શ્રેણીમાં આવે છે. આ દુર્ગ મોટાભાગે મેવાડના અધિકારક્ષેત્રમાં રહ્યો છે. મરાઠાઓએ આ દુર્ગ પર ઘેરો ઘાલેલો. પરંતુ આદિવાસીઓના પ્રબળ વિરોધના કારણે તેમણે પાછુ હટવું પડયું હતું. આ દુર્ગને રાજસ્થાનનું વેલ્લોર કહેવામાં આવે છે. ભેંસરોડગઢ ચિતૌડગઢ જિલ્લામાં આવેલું છે. ભેંસરોડગઢના કિલ્લાને અભેદ્ય કિલ્લાઓમાં ગણવામાં આવે છે. રાજસ્થાનના વેલ્લોરમાં આજે પણ લોકોના ઘર આવેલા છે. તે પોતાનું જીવન આ કિલ્લામાં જ વિતાવે છે. લગભગ પાંચ છ હજાર જેટલા લોકોનું નિવાસસ્થાન અહીં આવેલું છે. ભેંસરોડગઢના રાવત અને કોટાના મહારાવત વચ્ચે ખૂબ જ સારા સંબંધ હતા. ઇ.સ. 1857ની ક્રાંતિના સમયે જયારે કોટાના સૈનિકોએ વિદ્રોહ કરી દીધો હતો ત્યારે રાવતે કોટાને સૈન્ય સહાયતા કરી હતી. મહારાણા પ્રતાપના નાના ભાઇ શક્તિસિંહની છતરી પણ અહીં બનેલી છે. જેને પંચ દેવલા કહેવામાં આવે છે. આ કિલ્લામાં દેવી ભીમ ચૌરી, શિવ અને ગણેશજીના મંદિર આવેલા છે.વર્તમાન કિલ્લો લગભગ 260 વર્ષ જુનો છે અને તેને 1740ના દશકમાં બનાવવામાં આવેલો છે. ભેંસરોડગઢ કિલ્લો હાલમાં પુર્વવર્તી શાહી પરિવાર દ્વારા સંચાલિત એક લકઝરી વિરાસત હોટલમાં પરિવર્તિત થઇ ગયો છે.

**મૈગ્જીન કિલ્લો:-**

અજમેરમાં આવેલ આ દુર્ગનું નિર્માણ ઇ.સ. 1571-1572માં અકબર દ્વારા કરવામાં આવ્યું હતું. આ દુર્ગને અકબરનું દૌલતખાનું અથવા મૈગ્જીનના નામથી પણ ઓળખવામાં આવે છે. અજમેર શહેરની વચ્ચે આવેલ આ પશ્ચિમોન્મુખ કિલ્લો ત્રણ વર્ષમાં બનીને તૈયાર થયો હતો. હિન્દુ મુસ્લિમ પધ્ધતિથી નિર્મિત આ કિલ્લાનું નિર્માણ અકબરે ખ્વાજા મુઇનુદ્દીન ચિશ્તી પ્રત્યે સમ્માન પ્રદર્શિત કરવા માટે કરાવવામાં આવેલ. મૈગજીન કિલ્લો રાજસ્થાનનો એક માત્ર કિલ્લો કે જે ઇસ્લામિક પધ્ધતિથી બનેલો છે. ઇ.સ.1576માં મહારાણા પ્રતાપ વિરુધ્ધ હલ્દી ઘાટીના યુદ્ધની યોજનાને અંતિમ રૂપ આ કિલ્લામાં જ આપવામાં આવ્યું હતું. અકબર જ્યારે પણ અજમેર આવતો આ કિલ્લામાં જ રોકાતો હતો. મુગલ બાદશાહ જહાંગીર ઉદયપુરના મહારાણા અમર સિંહને હરાવી મેવાડને આધીનતામાં લાવવા માટે 18 નવેમ્બર 1613 માં અજમેર આવ્યો હતો અને ત્રણ વર્ષ સુધી આ કિલ્લામાં જ રોકાયો હતો. કિલ્લાના મુખ્ય દ્વારને જહાંગીરી દરવાજો પણ કહેવામાં આવે છે. જહાંગીર પોતાના અજમેર પ્રવાસ

દરમ્યાન દરરોજ આ દરવાજા પર આવેલ ઝરોખામાં બેસીને જનતાને દર્શન આપતો અને ન્યાય કરતો હ્તો. જહાંગીર અને બ્રિટિશ સમ્રાટ જેમ્સ પ્રથમના રાજદૂત ટૉમસ રૉ વચ્ચે 10 જાન્યુઆરી 1616 ના રોજ મુલાકાત આ કિલ્લામાં જ થઇ હતી. સર ટૉમસ રૉએ આ ઝરોખા સમક્ષ હાજર રહી જહાંગીરને પોતાનું પરિચય પત્ર પ્રસ્તુત કર્યુ હતું અને ઇસ્ટ ઇંડિયા કંપની માટે ભારતમાં વેપાર કરવાની અનુમતિ પ્રાપ્ત કરી હતી. ઇ.સ. 1801માં અંગ્રેજોએ આ કિલ્લા પર અધિકાર કરી તેને પોતાનું શસ્ત્રાગાર (મૈઝ્જીન) બનાવી દીધું હતું, તેથી તેને મૈઝ્જીન કિલ્લો પણ કહે છે. હાલમાં અહીં રાજકીય સંગ્રહાલય આવેલું છે.

**શેરગઢ:-**

આ દુર્ગ બારા જિલ્લામાં અતરૂ તાલુકાની પરવન નદીના કિનારે અવસ્થિત છે. તેનું નિર્માણ નાગવંશી નરેશે કરાવ્યું હતું. આ દુર્ગને ગીરી દુર્ગની શ્રેણીમાં રાખવામાં આવે છે. ઝાલા ઝાલિમસિંહે શેરગઢના કિલ્લાનો જીર્ણોધ્ધાર કરાવ્યો હતો અને કિલ્લામાં મહેલ અને ભવન બનાવ્યા હતા. તેમણે પોતાના રહેવા માટે જે ભવન બનાવ્યું હતું તે ઝાલાઓની હવેલીના નામથી પ્રસિધ્ધ છે. ઝાલિમસિંહે આ કિલ્લામાં અમીર ખાં પિંડારીને આશ્રય આપ્યો હતો. સાલ 1540માં હુમાયૂ અને શેરશાહ સુરી વચ્ચે યુધ્ધ થયુ. જેમાં હુમાયૂનો પરાજય થયો. પરિણામ સ્વરૂપ દિલ્લીની સત્તા પર શેરશાહ સુરીનો અધિકાર થઇ ગયો. તેણે દિલ્લીની નજીક જ એક કિલ્લાનું નિર્માણ કરાવ્યું. જે વર્તમાનમાં શેરગઢના કિલ્લા તરીકે ઓળખાય છે. આ કિલ્લાની સીડીઓથી ઉતરતા હુમાયૂનું મૃત્યુ થયુ હતું. હુમાયૂનો મકબરો પણ આ કિલ્લામાં જ આવેલો છે. ઇ.સ. 1857ની ક્રાંતિના સમયે મુગલ સમ્રાટના રાજકુમારોને હુમાયૂના આ જ મકબરામાં છુપાવવામાં આવ્યા હતા. પરંતુ તે કેપ્ટન હડસનથી બચી ન શક્યા અને તેમને રંગૂનની જેલમાં કેદ કરી દેવામાં આવ્યા હતા. આ કિલ્લામાં કુલ આઠ મોટા બુર્જ હતા. જેમાંથી અત્યારે પાંચ જ છે. શેરગઢના કિલ્લામાં સોમનાથ મહાદેવ, લક્ષ્મીનારાયણ મંદિર, દુર્ગા મંદિર, ચારભુજા મંદિર વગેરે આવેલા છે. આ દુર્ગ તેના પ્રાચીન જૈન અને બ્રાહ્મણ મંદિરો માટે પ્રસિધ્ધ છે. આ દુર્ગમાં ઇ.સ. 790માં બનેલ કોશ્વર્ધનની પથ્થરની પ્રતિમા આવેલી છે. તેથી આ દુર્ગને કોશ્વર્ધન દુર્ગ પણ કહેવામાં આવે છે. કિલ્લાની પાસે જ રાણી પોખરા નામનું તળાવ આવેલું છે. શેરશાહ દ્વારા પોતાનું નામ આપ્યા પહેલાં આ કિલ્લો ભુરકુડાના કિલ્લા તરીકે જાણીતો હતો. ફ્રાંસિસ બુકાનનના જણાવ્યા અનુસાર અહીં ભારે નરસંહાર થયો હતો. જેના કારણે આ કિલ્લો અભિશપ્ત અને પરિત્યકત્ત થઇ ગયો. જેના પછી કોઇ પણ શાસક અહીં રહ્યો નથી અને આ એક વેરાન કિલ્લામાં તબદીલ થઇ ગયો, જે આજે પણ ખંડેર બનવાની કગાર પર છે.

**ચૌંમૂહાગઢ:-**

આ દુર્ગ જયપુરથી 33 કિ.મી. દુર આવેલ ચૌમૂહાગઢમાં આવેલો છે. જેના કારણે આ કિલ્લાનું નામ ચૌંમૂહાગઢ પડયુ છે. તેની ચારે બાજુ નગર વસેલ હોવાના કારણે આ કસબો ચૌંમૂના નામથી પ્રસિધ્ધ છે. ઠાકુર કરણસિંહે ઇ.સ. 1595-97માં વેણીદાસ નામના સંતના આશીર્વાદથી એક ચૌમૂહા કિલ્લાનો પાયો નાખ્યો. આ દુર્ગ ભૂમિ દુર્ગની શ્રેણીમાં આવે છે. ઠાકુર રઘુનાથ સિંહ દ્વારા આ કિલ્લામાં બુર્જ અને ભવનનું નિર્માણ કરાવવામાં આવ્યું. તેમના શાસનકાળમાં તેને રઘુનાથગઢ પણ કહેવામાં આવતો હતો. ઠાકુર મોહનસિંહે તેની સુદ્દઢ પ્રાચીર અને કિલ્લાની ચારે બાજુ ઉંડી ખાઇનું નિર્માણ કરાવ્યું હતું. ઠાકુર કૃષ્ણસિંહે સુરક્ષા સંબંધી આવશ્યકતાઓને કારણે કિલ્લાના પ્રાચીન પ્રવેશદ્વાર ધ્રુવપોલને બદલીને પશ્ચિમાભિમુખી બનાવવામાં આવ્યું. આ કિલ્લાને ધારાધારગઢ પણ કહેવામાં આવે છે. ગીચ વન તથા કાંટાળી ઝાડીઓથી ઘેરાયેલો આ કિલ્લો જમીનના ઢોળાવ પર બનાવવામાં આવેલો હતો. જેથી શત્રુ દ્વારા કિલ્લાની સાચી સ્થિતિનું અનુમાન કરી તેના ઉપર નિશાન બનાવવું બહુ જ કઠિન હતું. કિલ્લાને નુકસાન પહોંચાડવા છોડવામાં આવેલા તોપના ગોળા તેને નુકસાન પહોંચાડયા વિના જ ઉપરથી નિકળી જતા હતા. તે જમાનાના પ્રસિધ્ધ આક્રમણકાર રજાબહાદુર તથા સમરૂ બેગમે ચૌમૂના આ કિલ્લા ઉપર બાંડી નદીના તટ ઉપરથી ગોળા વરસાવ્યા. પરંતુ કિલ્લાનું પતન ન થઇ શક્યું. સુદ્દઢ પ્રાચીર, વિસ્તૃત અને ઉંડી ખાઇ, આલીશાન મહેલ તથા મહત્વપૂર્ણ સામરિક સ્થિતિના કારણે તેનું જાગીરી કિલ્લાઓમાં વિશેષ સ્થાન અને મહત્વ છે.

**ચિતૌડગઢ:-**

ચિતૌડગઢ દુર્ગનું નિર્માણ 7મી શતાબ્દીમાં ચિત્રાંગદ મૌર્યે કરાવ્યું હતું. ચિતૌડગઢ દુર્ગ રાજસ્થાનનો સૌથી પ્રાચીનત્તમ કિલ્લો છે. આ રાજયનું દક્ષિણી-પુર્વી દ્વાર છે. તેના વિષે એવું કહેવાય છે કે, ગઢ તો ચિતૌડગઢ બાકી સબ ગઢૈયા. આ દુર્ગ ગીરી દુર્ગની શ્રેણીમાં આવે છે. આ દુર્ગ ચિત્રકુટ નામની પહાડી પર બનાવવામાં આવેલ છે. જયમલની હવેલી ચિતૌડગઢ દુર્ગમાં આવેલી છે આ હવેલીનું નિર્માણ મહારાજા ઉદયસિંહના સમયમાં થયુ હતું. ચિતૌડગઢ દુર્ગના સાત દરવાજા છે જેમાં પ્રથમ દરવાજાનું નામ પાંડુપોલ, બીજો દરવાજો ભૈરવપોલ, ત્રીજો દરવાજો ગણેશપોલ, ચોથો દરવાજો લક્ષ્મણપોલ, પાંચમો દરવાજો જોડનપોલ, છઠ્ઠો દરવાજો ત્રિપોલિયા તથા સાતમો દરવાજો રામપોલ છે. ભૈરવપોલની બાજુમાં જ વીર કલ્લા રાઠોડની છતરી આવેલી છે. આ દુર્ગમાં વિષ્ણુના વરાહ અવતારનું કુંભશ્યામ મંદિર આવેલું છે. ચિતૌડગઢ દુર્ગમાં વિજય સ્તંભ, કુંભસ્વામી મંદિર, કુંભાનો મહેલ, શ્રૃંગાર ચંવરીનું મંદિર, ચાર દિવારી સાત દરવાજાનું નિર્માણ મહારાળા કુંભાએ કરાવ્યું

છે. કીર્તિ સ્તંભ ચિતૌડગઢમાં આવેલો છે. તેની કુલ 9 મંઝિલો છે. તેનું નિર્માણ મહારાજા કુંભાએ માંડુ નરેશ મહમૂદ ખિલજી પરના ઇ.સ. 1437 ના સારંગપુરના યુધ્ધમાં વિજયની સ્મૃતિમાં કરાવ્યું હતું. તેની ઉંચાઇ 122 ફૂટ છે. તેમાં કુલ 157 સીડીઓ આવેલી છે. તેને વિજય સ્તંભ, વિષ્ણુ સ્તંભ વગેરે નામથી ઓળખવામાં આવે છે. કર્નલ જેમ્સ ટૉડે તેને કુતુબ મીનારથી પણ ઉત્તમ કહ્યો છે. આ ઇમારતના વાસ્તુકાર જૈતા નાપા અને પૂંજા હતા. કીર્તિ સ્તંભ રાજસ્થાન પુલિસ અને માધ્યમિક શિક્ષા બોર્ડ રાજસ્થાનનું પ્રતીક ચિહ્ન છે. તેની ત્રીજી મંઝિલ પર 9 વખત અરબીમાં અલ્લાહ અંકિત છે. તેની નવમી મંઝિલ પર કીર્તિ સ્તંભ પ્રશસ્તિ સ્થિત છે. આ દુર્ગ ગંભીરી અને બેડચ નદીઓના સંગમ પર સ્થિત છે. ચિતૌડગઢ દુર્ગમાં સાત માળનો જૈન કીર્તિ સ્તંભ છે. તેનું નિર્માણ બઘેરવાલ જૈન જીજા દ્વારા કરવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે. આ દુર્ગનું સૌથી મોટુ આકર્ષણ રાણા રતનસિંહની રાણી પદ્મિનીનો મહેલ છે. આ દુર્ગમાં મુખ્ય જળ સ્ત્રોત ભીમલત કુંડ, રામકુંડ તથા ચિત્રાંગદ મોરી તળાવ છે. ગોહિલોએ નાગદાના વિનાશ પછી આને પોતાની રાજધાની બનાવી હતી. આ દુર્ગમાં ખેતી કરવામાં આવતી હતી. આ દુર્ગમાં એક જળ યંત્ર આવેલું છે. આ દુર્ગને ચિત્રકૂટ ખિજરાબાદ અને ચિત્રકૂટ નામથી પણ ઓળખવામાં આવે છે. તેને કિલ્લાઓનો સિરમોર પણ કહેવામાં આવે છે.

**રણથંભૌર દુર્ગ:-**

રણથંભૌરનું વાસ્તવિક નામ રન્ત:પુર હતું જેનો અર્થ રણની ઘાટીમાં આવેલું નગર. રણ એ પહાડીનું નામ છે જે કિલ્લાની પહાડીથી થોડી નીચે આવેલી છે. તેમજ થંબ એ છે જેના પર રણથંભૌરનો કિલ્લો બન્યો છે. તેના પરથી જ તેનું નામ રણસ્તંભપુર થઇ ગયું જે સમયાંતરે રણથંભૌરના નામથી ઓળખવામાં આવે છે. આ દુર્ગનું નિર્માણ રણથંબ દેવ દ્વારા કરવામાં આવ્યું હતું. આ દુર્ગ સવાઇ માધોપુરમાં આવેલો છે. આ દુર્ગ વિષે અબુલ ફજલે કહ્યુ હતું કે, બાકીના બધા દુર્ગ નગ્ન છે. એકમાત્ર આ જ બખ્તરબંદ દુર્ગ છે. તરાઇના બીજા યુધ્ધ પછી પૃથ્વીરાજ ચૌહાણ ત્રીજાનો પુત્ર ગોવિંદરાજ સામંત શાસકના રૂપમાં રણથંભૌરની ગાદી પર બેઠો. ત્યારબાદ એબક, ઇલ્તુત્મિશ અને બલબન આ કિલ્લા પર આધિપત્ય સ્થાપવામાં સફળ રહ્યા. ઇ.સ. 1282-1301 માં હમીરદેવ ચૌહાણ અહીંનો શાસક બન્યો. જેના સમયમાં જલાલુદ્દીન ખિલજીએ ઇ.સ.1292માં રણથંભૌર પર આક્રમણ કર્યું. પરંતુ સફળતા ન મળતાં ખિજાઇને તેણે કહેલું કે, એક સો કિલ્લોને પણ તે મુસલમાનના એક વાળ બરાબર નથી માનતો. ઇ.સ. 1301માં હમીરના મંત્રીઓના વિશ્વાસઘાતને કારણે અલ્લાઉદ્દીન ખિલજી કિલ્લા ઉપર અધિકાર સ્થાપવામાં સફળ રહ્યો. તે સમયે હમીરની રાણી રંગદેવી અને પુત્રી દેવલ દેના નેતૃત્વમાં કિલ્લામાં જૌહર થયું. જેને રણથંભૌરનું પહેલું જૌહર માનવામાં આવે છે. ઇ.સ. 1569માં રણથંભૌર પર

મુગલ આધિપત્ય સ્થાપિત થઇ ગયું. અકબરે અહીં શાહી ટંકશાળ બનાવી હતી. મુગલોના પરાભવકાળમાં જયપુરના મહારાજા માધોસિંહે કિલ્લા ઉપર અધિકાર કરી લીધો. ઇ.સ. 1947 સુધી તે જયપુરના આધિપત્યમાં રહ્યો. કિલ્લાની મુખ્ય ઇમારતોમાં હમીર મહેલ, રાણી મહેલ, હમીરની કચેરી, સોપારી મહેલ, બાદલ મહેલ, જૌંરા ભૌંરા, બત્રીસ સ્તંભોની છતરી, રાણી હાડ તળાવ, મીર સદરૂદ્દીનની દરગાહ, લક્ષ્મી નારાયણ મંદિર છે. ભારતનું પ્રસિધ્ધ ત્રિનેત્ર ગણેશજીનું મંદિર આ કિલ્લામાં જ આવેલું છે.

**બિકાનેર દુર્ગ:-**

આ દુર્ગ રાજસ્થાનના બિકાનેર શહેરમાં આવેલો છે. આ કિલ્લાને ચિંતામણી કિલ્લો અને બિકાનેર કિલ્લાના નામથી ઓળખવામાં આવે છે.20 મી સદીના પ્રારંભમાં તેનું નામ બદલીને જૂનાગઢ રાખવામાં આવ્યું હતું. વર્તમાન બિકાનેર શહેર કિલ્લાની આસપાસ જ વિકસિત થયુ છે. આ દુર્ગનું નિર્માણ બિકાનેરના શાસક રાય સિંહ બિકાનેરીએ કરાવ્યું હતું. આ દુર્ગનું નિર્માણ ઇ.સ.1589-1594 ની વચ્ચે કરવામાં આવ્યું હતું. બિકાનેર દુર્ગનું નિર્માણ મંત્રી કરમચંદની દેખરેખમાં કરવામાં આવ્યું હતું. રાય સિંહે ઇ.સ. 1571-1611 દરમ્યાન બિકાનેર પર શાસન કર્યું. ઐતિહાસિક દસ્તાવેજો અનુસાર આ દુર્ગ પર ઘણા બધા આક્રમણો થયા, પરંતુ ક્યારેય તેને કોઇ જીતી ન શકયું. માત્ર કામરાન મિર્ઝાએ જ એક દિવસ માટે તેને પોતાના નિયંત્રણમાં રાખ્યો હતો. કામરાન મુગલ બાદશાહ બાબરનો પુત્ર હતો. જેણે ઇ.સ. 1534માં બિકાનેર પર આક્રમણ કર્યુ હતું. તેના પછી બિકાનેર પર રાવ જિત સિંહનું શાસન હતું. આ દુર્ગમાં આવેલ અનૂપ મહેલ એક બહુમાળી ઇમારત છે. જે ઇતિહાસમાં સામ્રાજયનું હેડક્વાર્ટર હતું. તેની છત લાકડા અને કાચની સહાયતાથી બનાવવામાં આવેલ છે. ફૂલ મહેલ કિલ્લાનો સૌથી જૂનો ભાગ છે. જેનું નિર્માણ બિકાનેરના રાજા રાય સિંહે કર્યું હતું. ગંગા મહેલનું નિર્માણ 20મી શતાબ્દીમાં ગંગા સિંહે કર્યું હતું. આ કિલ્લામાં એક વિશાળ દરબાર હોલ આવેલો છે. જેને ગંગા સિંહ હોલ તરીકે ઓળખવામાં આવે છે. આ સિવાય પણ બિકાનેરી હવેલી, કરણ મહેલ, બાદલ મહેલ, ચંદ્ર મહેલ વગેરે જોવાલાયક ઇમારતો આ કિલ્લાની શોભામાં અભિવૃધ્ધી કરે છે. આ દુર્ગને જૂનાગઢ તેમજ જમીનનું ઘરેણું તરીકે પણ ઓળખવામાં આવે છે.

**નાગૌર દુર્ગ:-**

આ દુર્ગનું નિર્માણ ચૌહાણ શાસક સોમદેવના સામંત કેમાસ દ્વારા કરવામાં આવ્યું હતું. આ દુર્ગનું નિર્માણ ઇ.સ.1154 માં શરૂ કરવામાં આવ્યું હતું. આ કિલ્લામાં છ દરવાજા આવેલા છે. જેમાં સિરાઇપોલ, બિચલીપોલ, કચેરીપોલ, સૂરજપોલ, ધૂપીપોલ અને રાજપોલનો સમાવેશ થાય છે. આ

કિલ્લામાં ઇ.સ.1570માં અકબરે પ્રસિધ્ધ નાગૌર દરબારનું આયોજન કર્યું હતું. જ્યાં અનેક રાજપૂત રાજાઓએ મુગલ આધિપત્યનો સ્વીકાર કર્યો હતો. મહારાણા ગજસિંહના અનુરોધ પર મુગલ સમ્રાટ શાહજહાંએ નાગૌરનો કિલ્લો અમરસિંહને આપી દીધો હતો. નાગૌરના કિલ્લામાં સુંદર ભીતીચિત્ર બનાવવામાં આવેલા છે.તેમાં બાદલમહેલ અને શીશ મહેલના ચિત્રો દર્શનીય છે. આ ચિત્રોમાં રાજસી વૈભવ અને લોક જીવનનો સુંદર સમન્વય જોવા મળે છે. આ દુર્ગનું પ્રાચીન નામ અહિછત્રપુર હતું. આ દુર્ગ નાગણા દુર્ગ અને નાગ દુર્ગના નામથી પણ પ્રસિધ્ધ છે.

**કુંભલગઢ દુર્ગ:-**

રાજસ્થાનના ઇતિહાસમાં કુંભલગઢ ચિતૌડગઢ પછી રાજસ્થાનનો સૌથી મોટો કિલ્લો છે. આ દુર્ગનું નિર્માણ મહારાણા કુંભા દ્વારા ઇ.સ.1459માં કરવામાં આવ્યું હતું. દુર્ગનો વાસ્તુકાર મંડલ હતો. આ દુર્ગ રાજસમંદ માં આવેલો છે. આ દુર્ગને એ સમયે અજયગઢ કહેવામાં આવતો હતો. કારણ કે આ મહાન કિલ્લા પર વિજય મેળવવો લગભગ અસંભવ હતો અને આ કિલ્લાની ચારે બાજુ એક મોટી દિવાલ બનાવવામાં આવેલી હતી. જે દિવાલ ચીનની દિવાલ પછી દુનિયાની બીજી સૌથી મોટી દિવાલ હતી. આ દિવાલ લગભગ 36 કિલોમીટર લાંબી અને 15 કિલોમીટર પહોળી છે. આ દિવાલને ધ ગ્રેટ વોલ ઓફ ઇંડિયા પણ કહેવામાં આવે છે. કુંભલગઢ દુર્ગની સૌથી મોટી વિશેષતા એ છે કે દુર્ગની અંદર એક બીજો દુર્ગ આવેલો છે. જે સૌથી ઉંચા ભાગમાં આવેલો છે અને સીધી ઇંચાઇના કારણે તેને કટારગઢ કહેવામાં આવે છે. આ દુર્ગને ગીરી દુર્ગની શ્રેણીમાં મુકવામાં આવે છે. આ દુર્ગ 13 પર્વત શિખર, સાત વિશાળ દ્વાર અને વિશાળ પ્રાચીરોથી સુરક્ષિત છે. આ કિલ્લામાં કુલ 360 મંદિર બનેલા છે અને આ મંદિરોમાં લગભગ 300 મંદિર જૈન મંદિર છે અને બાકીના હિંદુ મંદિર છે. આ કિલ્લાના ગેટને રામગેટ અથવા રામપોલના નામથી ઓળખવામાં આવે છે. આ દુર્ગને મત્સ્યેંદ્ર, કુંભલગઢ, માહોર વગેરે નામથી ઓળખવામાં આવે છે. આ દુર્ગ વિષે અબુલ ફજલે કહેલું કે,નીચેથી ઉપર જોતાં માથાની પાઘડી નીચે પડી જાય છે. આ દુર્ગમાં સ્થિત કટારગઢને મેવાડની ત્રીજી આંખ કહેવામાં આવે છે.

**આમેર:-**

આમેર દુર્ગનું નિર્માણ 16મી શતાબ્દીમાં માનસિંહ પ્રથમ દ્વારા કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ લગભગ 150 વર્ષો સુધી રાજા માનસિંહના ઉત્તરાધિકારીઓ અને શાસકોએ આ કિલ્લાનો વિસ્તાર અને નવીનીકરણ કરાવ્યું હતું. આ કિલ્લાને બહારથી જોવાથી તે મુગલ વાસ્તુશૈલીથી પ્રભાવિત દેખાઇ આવે છે. જયારે અંદરથી આ કિલ્લો રાજપૂત સ્થાપત્ય શૈલીથી બનેલો છે. આ કિલ્લામાં પુર્વમાં આવેલ પ્રવેશદ્વાર મુખ્ય દ્વાર છે, જેને સૂરપોલ કે સુર્ય દ્વાર કહેવામાં આવે છે. જ્યારે

આ કિલ્લામાં દક્ષિણમાં એક અન્ય પ્રવેશદ્વાર આવેલું છે.જેને ચંદ્રપોલ તરીકે ઓળખવામાં આવે છે.આ દુર્ગ ગીરી દુર્ગની શ્રેણીમાં આવે છે. હિંદુ –રાજપૂતાના વાસ્તુશૈલીથી બનેલો આ અનોખો કિલ્લો સમૃધ્ધ ઇતિહાસ અને ભવ્ય સ્થાપત્ય કલાનો નાયાબ નમુનો છે. આમેર પહેલાં સૂર્યવંશી કછવાહોની રાજધાની હતી, જેનું નિર્માણ મીનાસ નામની જનજાતિ દ્વારા કરવામાં આવેલ હતું. આ દુર્ગના પરિસરમાં આવેલ ઐતિહાસિક અને મહત્વપૂર્ણ સંરચનાઓમાં દિવાન-એ-આમ બહુ જ ખાસ છે. તેનું નિર્માણ રાજા જયસિંહ દ્વારા કરવામાં આવેલ. આ ભવ્ય હોલમાં સમ્રાટો દ્વારા જનતાની ફરિયાદો સાંભળવામાં આવતી હતી. આ કિલ્લાની અન્ય એક સુંદર ઇમારત એટલે સુખ નિવાસ. સુખ નિવાસના દરવાજા ચંદનના બનેલા છે. જેને હાથીના દાંતથી સજાવવામાં આવેલા છે. શીશમહેલને કેટલાય દર્પણોથી બનાવવામાં આવેલ છે. શીશમહેલની અંદર જયારે કોઇ પ્રકાશ દાખલ થાય છે ત્યારે પૂરા હોલમાં અજવાળું પ્રસરી જાય છે. શીશમહેલની અન્ય એક વિશેષતા એ છે કે, તેને પ્રકાશિત કરવા માટે માત્ર એક મીણબતીનો પ્રકાશ પૂરતો છે. દિવાન-એ-ખાસ નામની આ ઇમારતમાં સમ્રાટ પોતાના ખાસ મહેમાનો અને બીજા રાજાઓના રાજદૂતોને મળતા હતા. આ કિલ્લાનું નામ અંબા માતાના નામ ઉપરથી રાખવામાં આવેલ છે. આ અનોખી સંરચના પોતાની ભવ્યતા અને આકર્ષણને કારણે સાલ 2013માં યૂનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવેશ પામી છે. આ દુર્ગમાં સૌભાગ્ય મંદિર, કદમી મહેલ પ્રસિધ્ધ સ્મારક છે.

**મૂલ્યાંકન:-**

અહીં ભારતની સ્થાપત્ય કળાના ઉત્તમ નમૂના રૂપ કિલ્લાઓની તેમજ દુર્ગોની માહિતી રજૂ કરવામાં આવી છે. જેમાં ભારતનો સમૃધ્ધ અને યશસ્વી સાંસ્કૃતિક વારસાની ભવ્યતાના દર્શન થાય છે. રાજસ્થાન તેની આગવી સ્થાપત્ય કળાને કારણે વિશ્વ કક્ષાએ પ્રસિધ્ધિ પામ્યું છે. તેમાંયે કિલ્લાઓની બાબતમાં આટલી વિવિધતા ભાગ્યે જ કોઇ અન્ય સ્થળે જોવા મળતી હશે. દરેકે દરેક કિલ્લાનો તેનો આગવો ઇતિહાસ અને કહાણી છે. રાજપૂત આન બાન અને શાનના પ્રતિક સમાન આ કિલ્લાઓ પોતાની અંદર એક અનોખી કહાણીઓ સંગ્રહી બેઠા છે. રાજસ્થાનના ઘણા કિલ્લાઓ પોતાની સુદ્દઢતા અને મજબૂતાઇના કારણે આજ પર્યંત અજેય અને અભેદ રહ્યા છે. તો ઘણા કિલ્લાઓ તેની સુંદરતા અને મનમોહકતાના કારણે વારંવાર આક્રમણનો ભોગ બન્યા છે. આમ,દરેક કિલ્લો પોતે પોતાનામાં એક આગવો ઇતિહાસ છે. જેણે વિશ્વ કક્ષાએ સ્થાપત્ય અને સાંસ્કૃતિક ક્ષેત્રે ભારતનું નામ રોશન કર્યું છે.

**સંદર્ભસૂચિ:-**

01. રાઘવેન્દ્ર સિંહ મનોહર,રાજસ્થાન કે પ્રમુખ દુર્ગ,રાજસ્થાન હિન્દી ગ્રંથ અકાદમી, 2016.

02. મોહનલાલ ગુપ્તા,રાજસ્થાન કે ઐતિહાસિક દુર્ગ, રાજસ્થાની ગ્રંથાગાર, જોધપુર, 2017.

03. Rita Sharma Vijai Sharma, The Forts of Rajasthan, Rupa Publications,1986.

04. Sanjeev Kumar Bhasin, Forts and Palaces of Rajasthan, Panchsheel Prakashan, 2011